અપીલ અરજી નં.૧૯૬ તા.૩૦–૯–૦૮

અરજદારઃ શ્રી કિસન સદાશિવ સિરસાટ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી કિસન સદાશિવ સિરસાટની તા. ૬–૯–૦૮ અરજી થી ઉધના ગામમાં આવેલ બાપજી મંદીરની સામે મરાઠી સ્કુલની બાજુમાં પ્લોટ નં.૨૫/૪ માં ચાલતા બાંધકામનો પ્લાન પાસની વિગતો જેવા કે પ્લાન પાસની નકલ બાંધકામની રજાચીઠ્ઠી, બી.યુ.સી. સર્ટીફીકેટ અને જગ્યાના માલીકીના પુરાવા આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩૦–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૬/૨૦૦૮–૦૯

શ્રી કિસન સદાશિવ સિરસાટની તા. ૬–૯–૦૮ અરજી થી ઉધના ગામમાં આવેલ બાપજી મંદીરની સામે મરાઠી સ્કુલની બાજુમાં પ્લોટ નં.૨૫/૪ માં ચાલતા બાંધકામનો પ્લાન પાસની વિગતો જેવા કે પ્લાન પાસની નકલ બાંધકામની રજાચીઠ્ઠી, બી.યુ.સી. સર્ટીફીકેટ અને જગ્યાના માલીકીના પુરાવા આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/આ.૪૭૦૨ તા.૧૧–૯–૦૮થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૫ તા.૧૦–૧૦–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પૂરક માહિતી મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે રજૂ કરેલ માહિતી પત્રકની વિગતો જોતાં અરજદારે મુળ અરજીમાં માંગેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને તેમના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૭૦૨ તા.૧૧–૯–૦૮થી જણાવવામાં આવેલ જણાય છે. તે મુજબ "ઉધનાગામમાં આવેલ બાપજી મંદિરની સામે મરાઠી સ્કુલની બાજુમાં ચાલતાં બાંધકામ બાબતેની વિકાસ પરવાનગીનો પ્લાન અત્રેની ઝોન કચેરીએ રજૂ કરેલ છે પરંતુ હજુ સુધી સદર મિલ્કતમાં પરવાનગી આપવામાં આવેલ નથી." માંગેલી માહિતીમાં અરજદારને જગ્યા માલિકના પુરાવાની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારે નિર્દિષ્ટ મિલ્કત માટે પ્લાન પાસના સબંધમાં માહિતી માંગેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ માહિતીમાં પ્લાન રજૂ થયેલ હોવાનું પરંતુ વિકાસ પરવાનગી આપેલ નહીં હોવાનું જણાવેલ છે. જેથી પ્રસ્તુત તબકકે પ્લાન પાસ થયેલ નહીં હોઈ અરજદારે માંગેલ પ્લાન પાસના સંદર્ભ હેઠળની બાકી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં.

અરજદારે અપીલ અરજીમાં પ્લાન પાસ વિના થયેલ બાંધકામ અંગે કાયદેસરના પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. જે મુળ અરજીથી અલાયદા જણાય છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૬–૯–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી નહીં પૂરી પાડેલ જગ્યા માલિકના પુરાવા બાબતી હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી પૂરી પાડવા અગર યોગ્ય નિર્ણય લઈ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં સૂચિત કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. અપીલમાં માંગેલ પૂરક માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કિસન સદાશિવ સિરસાટ